# ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિ.એ. કવાટર-૨ અને એચ૧-એફવાય ૨૩ના પરિણામોની જાહેરાત કરી

**રાજકોટ**

ભારતની અગ્રણી સંકલિત સપ્લાય ચેઇન અને લોજિસ્ટિકસ સોલ્યુશન્સ પ્રોવાઇડર ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિ.એ આજે કવાટર-૨ અને એચ૧/એફવાય-૨૩ માટે તેના નાણાકિય પરિણામો જાહેર કર્યા છે.

સ્ટેન્ડઅલોન પર્ફોમન્સ હાઇલાઇટ્સઃ એચ૧ એફવાય ૨૦૨૩ની તુલના એચ૧ એફવાય ૨૦૨૨ ઇબીટીડીએ એચ૧ એફવાય ૨૦૨૨માં ૧૮૬ કરોડની સરખામણીમાં રૂા.૨૧૪ કરોડ. ઇબીટીડીએ માર્જિન એફવાય ૨૦૨૨માં ૧૩.૮૨ ટકાની સરખામણીમાં ૧૨.૯૨ ટકા ઉપર. પીએટ એચ૧ એફવાય ૨૦૨૨માં ૧૧૭ કરોડની તુલનારે રૂા.૧૩૪ કરોડ રહ્યો.પરિણામ પર ટિપ્પણી કરતા ટીસીઆઇના મેનેજિંગ ડિરેકટર વિનીત અગ્રવાલે જણાવ્યું હતું કે, કંપનીએ કવાટર-૨ અને એચવાય એફવાય ૨૩માં સાતત્યપૂર્ણ પ્રદર્શન દર્શાવ્યું હતું. ઓટોમોબાઇલ અને વપરાશ ક્ષેત્રોમાં વધતી માગ સાથે મુખ્ય બિઝનેસ ફંડામેન્ટલ્સ પર ફોકસ કરવાથી તમામ બિઝનેસ સેગમેન્ટ્સ સંતોષકારક ડિલિવરી કરવામાં સક્ષમ બન્યા છે. ફુગાવાના દબાણ છતાં પરિણામો ઉત્કૃષ્ટ રહ્યાં હતાં.